**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૧૫**
**માન.ધારાસભ્યશ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા)**
**અગ્રતા ક્રમ : ૧૬**

---

## પુરક પ્રશ્નોના જવાબ

**પ્રશ્ન-૧** રાજય સરકાર દ્વારા સરકારી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં કેટલા મહત્વના વિષયોમાં કેટલા મદદનીશ પ્રાધ્યાપક, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (કો.શા.)ની ભરતી કરવામાં આવી?

**જવાબ** સરકારી કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં ૨૧ મહત્વના વિષયોમાં કુલ-૩૪૫ મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ–૨ (કો.શા.)ની જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોની ભરતી કરવામાં આવેલ છે.

**પ્રશ્ન-૨** ખાલી રહેતી ૩૩૬ મદદનીશ પ્રાધ્યાપક, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (કો.શા.)ની જગ્યા પૈકી રાજય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ જગ્યા કેટલી છે?

**જવાબ** સરકારી કોલેજોની વિવિધ જરૂરીયાતને ધ્યાને લઈ તથા વિદ્યાર્થીઓના બોહળા હિતને ધ્યાનમાં રાખીને સને ૨૦૨૧–૨૨ના વર્ષમાં રાજય સરકાર દ્વારા વિવિધ મહત્વના વિષયમાં કુલ–૧૫૦ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે તથા સને ૨૦૨૨–૨૩ ના વર્ષના રાજય સરકાર દ્વારા ૬ (છ) નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી તથા ૫ (પાંચ) નવા પ્રવાહ શરૂ થતાં કુલ વધારાની ૬૬ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે.

આમ, કુલ મળેને ૧૫૦+૬૬= ૨૧૬ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.

**પ્રશ્ન-૩** રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૨૨–૨૩ના વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી અને કયા પ્રવાહ ચાલુ કરવામાં આવ્યા?

**જવાબ** : ૬ નવી કોલેજો શરૂ કરવામાં આવેલ છે.

૧) સરકારી વિજ્ઞાન કોલેજ, વરાછા

૨) સરકારી વિજ્ઞાન કોલેજ, જણસદ

૩) સરકારી વિજ્ઞાન કોલેજ, બગસરા

૪) સરકારી વિજ્ઞાન કોલેજ, સંતરામપુર

૫) સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ,લીંબાયત

૬) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,પાલીતાણા

**<u>પ્રશ્ન-૪</u>** રાજય સરકાર દ્વારા સને ૨૦૨૨–૨૩ના વર્ષમાં સરકારી કોલેજો ખાતે કેટલા નવા પ્રવાહ ચાલુ કરવામાં આવ્યા ?

**<u>જવાબ</u>** ૫ (પાંચ) નવા પ્રવાહ ચાલુ કરવામાં આવેલ છે.

૧) સરકારી વિનયન અને વાણિજય કોલેજ,ખેરગામ ખાતે નવો વિજ્ઞાન પ્રવાહ

૨) સરકારી વિનયન કોલેજ, ડેડીયાપાડા ખાતે નવો વિજ્ઞાન પ્રવાહ

૩) સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કાછલ ખાતે નવો વિજ્ઞાન પ્રવાહ

૪) સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, પાટડી ખાતે નવો વાણિજય પ્રવાહ

(૫) સરકારી વિનયન કોલેજ, ઉમરપાડા ખાતે નવો વાણિજય અને વિજ્ઞાન પ્રવાહ